Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# નિયમની નાવ...

# ઉતારે ભવપાર

પ્રેરણાદાતા

**પૂ. આચાર્ય શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા.**
(ડહેલાવાળા)

(નિયમનું મહત્ત્વ, બારવ્રતો તથા ચૌદ નિયમની સંક્ષિપ્ત સમજુતિ)
(ધારવાના કોષ્ટક સાથે)

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# નિયમની નાવ...

## ઉતારે ભવપાર

પ્રેરણાદાતા

**પૂ. આચાર્ય શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા.**

(ડહેલાવાળા)

(નિયમનું મહત્ત્વ, બારવ્રતો તથા ચૌદ નિયમની સંક્ષિપ્ત સમજુતિ) (ધારવાના કોષ્ટક સાથે)

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

❖ પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન ❖

આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈનતત્વજ્ઞાન શાળા, પટણીની ખડકી, ઝવેરીવાડ, આણંદજી કલ્યાણજી પેઢી સામે, અમદાવાદ ૩૮૦૦૦૧.

**શ્રી ઝવેરીપાર્ક આદીશ્વર જૈન સંઘ**

જૈનાચાર્ય સુરેન્દ્રસૂરિ માર્ગ,
નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.

વિક્રમ સં. ૨૦૫૫ ભાદરવા સુદ ચોથ,
તા. ૧૪-૯-૧૯૯૯ મંગળવાર

સૌજન્ય

**એક સદ્ગૃહસ્થ તરફથી**
ઝવેરીપાર્ક, અમદાવાદ-૧૩.

**મુદ્રક**
**નવનીત પ્રિન્ટર્સ (નીકુંજ શાહ)**
ફોન : ૫૬૨૫૩૨૬ પેજર નં. ૯૬૩૨ ૪૪૨૨૩૪

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# નિવેદન

નિયમની નાવ ઉતારે ભવપારની આ નાનકડી પુસ્તિકા ગૃહસ્થ જીવન માટે ઘણી ઉપયોગી છે.

આ પુસ્તિકામાં આપેલા વ્રત-નિયમો વગેરે વાંચી-વિચારી યથાશક્તિ ગ્રહણ કરી પ્રતિદિન ચૌદનિયમ ધારવામાં નિયમિત બની અવિરતિના ઘોર પાપબંધથી બચી શુદ્ધ શ્રાવક ધર્મને દીપાવનારા બનો એજ શુભેચ્છા.....!

આ પુસ્તિકામાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ આપીએ છીએ..

પ્રેસ દોષ-દ્રષ્ટિ દોષથી રહી ગયેલી ભૂલો ક્ષમ્ય કરશો:


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## નિયમ

જૈન શાસનની પાયાથી માંડીને પરાકાષ્ટા સુધીની તમામ આચાર વ્યવસ્થા જેમ સૂક્ષ્મ સ્પષ્ટ અને સુબોધ છે, તેમ પરમાત્માની પણ પ્રત્યેક જીવ પર કેવી અનંત કરૂણા છે કે નીચી કક્ષાથી માંડીને ઉચ્ચકક્ષાસુધીના તમામ જીવો નાનામાં નાનો નિયમ પ્રતિજ્ઞા લઈને પાપાદિ ભાવોથી બચી શકે. દુર્ગતિને અટકાવી સદ્‌ગતિ ને પ્રાપ્ત કરી શકે.

## નિયમ એટલે શું ?

નિ = નિશ્ચય પૂર્વક યમ = દમન કરવું એટલે કે મોક્ષના ચોક્કસ ધ્યેય પૂર્વક ઇન્દ્રિયોનું દમન કરવું તેનું નામ નિયમ.

## નિયમ ક્યાં નથી ?

સમગ્ર સૃષ્ટિના કુદરતી તત્ત્વો પણ "નિયમ" વિના ચાલતા નથી.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

દા.ત. સૂર્ય ચંદ્ર, તેની ગતિ મર્યાદા નિયમ મુજબ જ હોય છે

સાગર તેની ક્ષેત્ર મર્યાદા છોડતો નથી.

**કૃત્રિમ તત્ત્વો :** ઇલેકટ્રીસીટીમાં મશીનનું નિયંત્રણ છે. યંત્રો દ્વારા નિયંત્રિત બનતી વિજળી ભૌતિક ક્ષેત્રે કેટલા લાભો આપી શકે. અને તેજ વિજળી અનિયંત્રિત બનતાં કેટલી ઉથલપાથલ મચાવી શકે....!

**પશુ સૃષ્ટિમાં** મહાવતનના અંકુશ વિનાનો હાથી કેટલાનો કચ્ચરઘાણ વાળે.

લોકમાં પણ બંધન-નિયમ વિનાનો માણસ હરાયા ઢોર જેવો ગણાય છે.

જયારે માનવ અને એમાંય મહામાનવ બનવા સર્જાયેલ લોકોત્તર શાસનને પામેલા શ્રાવકને નિયમ વિના ચાલે જ કેમ ? એના માટે તો નિયમ જરૂરી જ નહિ અત્યંત અનિવાર્ય પણ છે.

"નિયમ" એ "પ્રાણિમાત્રનો યાવત્ સમગ્ર સૃષ્ટિનો સનાતન સ્વભાવ છે."



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પ્રત્યેક શ્વાસે નિયમન જરૂરી છે.

પ્રબળ મોહ અને અજ્ઞાનના સામ્રાજ્યથી ઘેરાયેલો જીવ અનંત દુઃખમય ભવયાત્રા પસાર કરતો અવિરતિના પરિણામની ધારામાં અવિરત પણ વહેતો કોઈક પુન્યોદયે દુર્લભ એવો માનવ ભવ યાવત્ પ્રભુશાસનને પામ્યો છતાં હજુ પણ મોહની ઘેરી અસર તળે દેહમાં આત્મબુદ્ધિના ભ્રમમાં બેભાન અને બેફામ બનીને ઇન્દ્રિયોરૂપી પાંચ ઘોડાને પુદ્ગલભાવોમાં બહેકાવી રહ્યો છે. હિંસાદિ ભાવોની ગાડી અનિયંત્રિતપણે પાપ પ્રવૃત્તિઓ અને પાપ પરિણતિઓના રાજમાર્ગ પર પૂરજોશમાં દોડી રહી છે. પણ... આ ગાડી જીવને કયા પહોંચાડશે ? જ્ઞાની ભગવંતો Red Signal આપે છે કે અનંત દુર્ગતિઓની ભયંકર ખીણમાં લઈ જશે માટે હે જીવ ! સાવધાન થા ....!

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ગલત રસ્તે જઈ રહેલી ગાડીને સત્યમાર્ગ પર લેવી હોય તો પહેલાં ગાડીને ટર્ન આપવો પડે, તો ટર્ન આપવા માટે માત્ર પૈડા ફેરવવાથી ન ચાલે પણ, Stearing ફેરવવું પડે. બસ ! આ stearing ફેરવવું એટલે 'જ નિયમમાં આવવું...!

અવિરતિમાંથી વિરતિમાં આવવું....

## નિયમ વિના નહિ કરાતા પણ પાપનું કનેક્શન ચાલુ.... કેમ ?

અનાદિ અનંતકાળના ભવભ્રમણમાં આ જીવ ચૌદેરાજ લોકના પહેલા છેડાથી છેલ્લા છેડા સુધી તમામ સ્થાનોનો મેમ્બર અનંતવાર બની ચુક્યો છે. તે ચૌદેરાજ લોકના અનંત સ્થાનોમાં અનંતા પાપો પણ આ જીવે અનંતવાર સેવ્યા છે. હવે તે તે ભવ સ્થાનો આ જીવે દરેક ભવમાં મૃત્યુ થતાં છોડયા છતાં આત્મપ્રદેશોમાં રહેલા પાપના

ભાવો અને અવિરતિના પરિણામોની ધારા આ જીવે તોડી નથી એટલે કે જીવની સાથે હિંસાદિ ભાવોના - પાપ પરિણામોના કનેક્ષનો જોડાયેલા જ છે. દુષ્ટ ભાવો દ્વારા તે તે પાપ સ્થાનોની લાઈન આત્મા સાથે જોડાયેલી જ છે..

દા.ત. લવણ સમુદ્રના માછલા મારવા અત્યારે આ જીવ નથી જતો છતાં તે પાપ અનંત ભૂતકાળમાં ઘણીવાર આ જીવે કર્યું છે. તેથી અવિરતિના પરિણામની ધારા દ્વારા આ જીવને (નિયમ નહિ કર્યો હોવાથી) તેનું પાપ ચાલુ જ છે

જેમ છ માસ બહારગામ જવા છતાં પહેલેથી અરજી નહિ આપી હોવાથી જેમ મ્યુનિસિપલ ટેક્ષ ભરવો પડે છે. તેમ પ્રતિજ્ઞા-નિયમ નહિ કર્યો હોવાથી પાપનો ભાર આત્માને માથે ચડે છે.

આવા તો ૧૪ રાજલોકના તમામ પાપસ્થાનો અનંત

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

છે અને તે અનંતા પાપો આપણે ભૂતકાળમાં સેવ્યા છે. હવે તે તે પાપ સ્થાનોનો તંતુ સદાને માટે તોડી નાંખી બિનજરૂરી પાપોનો પણ ભવિષ્યમાં નહિ કરવાના સંકલ્પ સાથે તમામ પાપોથી બચવા.... અનેક દુર્ગતિઓથી બચવા....... એક માત્ર ઉપાય છે,

નિયમમાં આવવું......!

વ્રતોમાં આવવું....!

આટલું સૂક્ષ્મ સત્ય સર્વજ્ઞ શાસન સિવાય કયાંય સમજી શકાય તેમ નથી

નિયમની નાકાબંધીથી, અનંત પાપોના દાવાનલથી બચાવનાર પરમાત્માની આપણાપર કેવી અનંત કરૂણા ....?

## નાના પણ નિયમમાં તાકાત કેટલી ?

નાનો પણ નિષ્ઠા પૂર્વકનો નિયમ મોક્ષના આશય પૂર્વક કરાતો અનુક્રમે ટોચકક્ષા એટલે કે યથાખ્યાત ચારિત્ર સુધી પહોંચાડે. 'નિયમ વિના પાળીશું' એવું કેમ થાય છે ? અવસર આવે તો પાપ સેવી શકાય એવી



www.jaintatvagyanshala.org

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

મનમાં ધારેલી ભાવના ઊભી છે. આ અપેક્ષા નિયમ કરવાથી જ ટળે છે.

## નિયમથી થતા લાભો....!

(૧) જીવન નિયમિત બને છે.
(૨) આત્માની યોગ્યતા અને શુદ્ધિ વધે છે.
(૩) આત્મા કૌવત અને સત્ત્વ પામે છે.
(૪) પ્રબળ અશુભ કર્મો બંધાતા અંટકી જાય છે.
(૫) ઓછાથી નભાવવાનો અભ્યાસ પડે છે.
(૬) ગુણસ્થાનકની કક્ષામાં આગળ વધાય છે.

## ચૌદ નિયમ ધારવાની સંક્ષિપ્ત સમજ

"सचितदव्वविगइ वाणहतंबोलवत्थ कुसुमेसु
वाहणसयणविलेवण-बंभदिसिन्हाणभत्तेसु" ॥

ચૌદ નિયમ ધારવા વાળાએ આ ગાથા મોઢે કરી લેવી જેથી નિયમો સહેલાઈથી ધારી શકાય.... તેના અભ્યાસ માટે કોષ્ટક આપેલ છે. તે રીતે ખાનામાં ધારણા પ્રમાણે પેન્સિલથી ભરી અને સાંજે સંક્ષેપવા માટે પણ ખાનું છે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

આ રીતે પંદર દિવસ સળંગ કર્યા બાદ ફરીથી ખાના ચેકી નાંખવા અને ફરીથી શરૂ કરવા.. થોડા દિવસ મહાવરો પડયા પછી નિયમ ધારવામાં કે પાળવામાં તકલીફ લાગશે નહિ.

નિયમો બાર કલાક પૂરતા ધારવામાં આવે છે. તે રાત કે દિવસ પૂરા થતાં જરૂરી કામ માટે નવા નિયમ ધારી તે કાર્યાદિ કરી શકાય છે. આટલી સરળતા છતાં તેનો લાભ અગણિત છે.

દા.ત. ચૌદ નિયમમાંનો બીજો નિયમ દ્રવ્યનો છે. તેમાં આખા દિવસમાં જુદી જુદી ચીજોની સંખ્યા નક્કી કરી લેવાની છે. આટલાથી વધુ ચીજ ખાવી નહિ, હવે વિચારો કે આખા દિવસમાં ૨૦-૨૫ વસ્તુ ખાતા હશો, જ્યારે દુનિયામાં અબજો ચીજો છે, પણ જ્યાં સુધી દ્રવ્યનો


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurisvarji Jain Tatvagyanshala
નિયમ નથી કરાતી ત્યાં સુધી એ અબજો ચીજોનાં અવિરતિ જન્ય પાપ કર્મ બંધાયા કરે છે.

આ મુજબ દરેક નિયમમાં સમજી લેવું.

## નિયમ ધારવાની વિધિ

પાછળ કોઠામાં દર્શાવ્યા મુજબ સવારમાં ઉઠીને પોતાની જરૂરિયાતોનો શકય સંકોચ કરી આ નિયમો ધારવા એમાં આજ વજનથી આટલું કે નંગ આટલા વાપરીશ એમ નહિ ધારતા આજે આટલાથી વધુ નહિ વાપરૂં એમ ધારવું. કેમકે પ્રતિજ્ઞા 'આટલા પાપ કરીશ' એવી ન હોય, કિંતુ "આથી વધુ તો નહિ કરૂ" એવી હોય

નિયમો ધારી લીધા પછી દેશાવગાસિકનું પચ્ચક્ખાણ કરી લેવું તે પચ્ચક્ખાણ :

देसावगासियं उवभोगं परिभोगं पच्चक्खामि
अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं
सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि ॥


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

નિયમો પાળવામાં રીતસર કાળજી રાખવી તે બે રીતે :

(૧) ધારેલા આંકડાથી વધુ ન થઈ જાય.

(૨) ધારેલામાંથી પણ શક્ય તેટલું ઓછું કરાય કે જેથી લાલસાવૃત્તિ ઉપર કાપ મૂકાય, જે જે દ્રવ્યો વપરાતા જાય તેની ગણતરી રાખવાની ટેવ રાખવી. જેમકે - "સવારે ધાર્યું કે ૨૦ દ્રવ્યો થી વધુ ન વાપરવા" હવે દિવસ દરમ્યાન મોમાં શું શું નાંખ્યું તે ખ્યાલમાં રાખી લેવું. સાંજે, આ નિયમમાં કેટલો બચાવ થયો તે વિચારી લેવું આનું નામ નિયમો સંક્ષેપ્યા કહેવાય,

તેમજ કદાચ કોઈ નિયમોમાં ભંગ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થવું.

આ ઉપરના નિયમોમાં (૧) સંખ્યાથી (૨) વજનથી (૩) માઈલથી કે (૪) આટલીવારથી વધુનો ત્યાગ" એમ ધારવાના છે. નિયમો પોતાની ધારણા મુજબ થઈ શકે છે.

જેમકે બે શાક સાથે રાંધેલા 'એક દ્રવ્ય ગણીશ કે બે


www.jaintatvagyanshala.org

જુદા ગણીશ. અર્થાત્ પોતે જેવું ધાર્યું હોય તેવું પાળવાનું છે.

દિવસે જરૂર પડતી સચિત્ત, દ્રવ્ય વિ.ની રાત્રે જરૂર પડતી નથી જેથી દિવસ અને રાતના જુદા નિયમો ધારવા જેથી ઘણા દોષોનો બચાવ થાય.

## ચૌદ નિયમની સમજ

**૧. સચિત્ત :** જેમાં જીવ હોય તે સચિત્ત કહેવાય અથવા વાવવાથી ઉગે તે પણ સચિત્ત જેમ કે કાચુ શાક-ફળ, લીલા દાતણ, બીજવાળી વસ્તુ, આખુ ધાન્ય, કાચુ પાણી, કાચુ મીઠું ફુલાવ્યા વિનાની ફટકડી વિ.

**૨. દ્રવ્ય :** મુખમાં નાંખવાની વસ્તુ એકની એક જ વસ્તુ ગમે તેટલી વાર ખાવામાં આવે તો એક જ દ્રવ્ય ગણાય. જુદા જુદા સ્વાદવાળી વસ્તુ આખા દિવસમાં વપરાય એટલા દ્રવ્ય ગણાય દા.ત. ચા, શાક, દાળ વિ. એક એક દ્રવ્ય ગણાય ઉપર ખાંડ, મીઠુ વિ. લઈએ તો જુદુ દ્રવ્ય ગણાય. ચૌવિહાર વાળાએ રાતના અણાહારી

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
દ્રવ્યની જરૂર પડે તો ખ્યાલ રાખવો.

૩. વિગઈ : વિગઈ છ (૬) છે. ઘી, દૂધ વિ. એક બે વિગઈઓ મૂળથી કાચી કે નીવિયાતીનો ત્યાગ કરવો. એક વિગઈનો તો રોજ વારાફરતી મૂળથી જ ત્યાગ કરવો.

દરેક વિગઇના પાંચ પાંચનીવિયાતા પચ્ચકખાણ ભાષ્યમાં બતાવેલા છે. ત્યાંથી સમજવા.

૪ ઉપાનહ : બુટ, ચંપલ વિ. અમુક સંખ્યાથી વધુ જોડ પહેરવી નહિ તેની જયણા આ પ્રમાણે ધારવાનું.

૫. તંબોલ : મુખવાસ સંખ્યાથી દ્રવ્યમાં ગણાય છે. અહીં વજનથી રાખવું. ૨૫-૫૦ ગ્રામથી અધિકનો ત્યાગ.

૬. વસ્ત્ર : પહેરવાના કે ઓઢવાના તેમજ રૂમાલ વિ. સંખ્યાથી નક્કી કરાય આટલાથી વધારે વસ્ત્ર વાપરવા નહિ.

૭. કુસુમ : અત્તર, તેલ ફુલ વિ. વજનથી આટલાથી


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
વધારે સુંઘવુ નહિ. ફુલવિ. માથામાં, શય્યા-પથારીમાં રાખતા હોય તો આટલાથી વધારે ન રાખવા એમ ધારી શકાય કોઈ વસ્તુ સુંઘવામાં આખી બોટલ કે ડબ્બો નાક પર ધરવો નહિ વજન વધી જાય માટે આંગળી પર લઈને સુંઘે તો વજન ન વધે આનો ઉપયોગ રાખવો.

૮. **વાહન :** રથ, ગાડી, મોટર, રીક્ષા, સ્કુટર ટ્રેઈન એરોપ્લેન, નાવડી સ્ટીમ્બર ઘોડા વિ. આટલાથી વધારે ઉપયોગ ન કરવો તેમ ધારવું.

૯. **શયન :** પલંગ વિ. આવે. વધુ ઉપયોગ ન રહે તો માત્ર જયાં સુવાનું થાય એટલાની જ ગણત્રી ગણે. આટલી સંખ્યાથી વધારે ઉપયોગ ન કરવો.

૧૦. **વિલેપન :** તેલ વિ. મર્દન સાબુ, સેંટ વેસેલાઈન બામ, બ્રિલીયન ટાઈન બરફ વિ. આટલા વજનથી ઉપયોગ ન કરવો..

૧૧. **બ્રહ્મચર્ય :** દિવસ માટે કાયાથી સંપૂર્ણ પાળવું એમ ધરાય, રાત માટે સંયમનું નિયમન રાખવું.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

**૧૨. દિશા :** ચારે દિશા, વિદિશા, ઉંચે, નીચે માઈલ કે કીલોમીટરથી ધારવું જે દિશામાં જવાનું પ્રયોજન ન હોય તે દિશા બંધ રાખવી.

**૧૩. સ્નાન :** દિવસમાં એક - બે થી વધુ વાર સ્નાન કરવું નહિ. હાથ-પગ ધોવાનું પોતાની ધારણા મુજબ છે.

**૧૪. ભાતપાણી :** આખા દિવસમાં ખાવા પીવામાં આવતા ભોજન-પાણીનો નિયમ વજનથી કરાય. જેમ કે ૨૦ કીલોથી અધિક ભાત પાણી વાપરવા નહિ.

**ચૌદ નિયમ ઉપરાંત આ પણ નિયમો વિચારવા :**

**૧૫. પૃથ્વીકાય :** ખાવામાં કે બાહ્ય ઉપયોગમાં આવતી સચિત્ત, અચિત્ત પૃથ્વીનો અમુક વજનથી ધારવું, માટી, મીઠું મોતી, ખાર સાબુ સોનું વિ. ધાતુઓ આ બધુ પૃથ્વીકાયમા ગણાય.

**૧૬. અપ્કાય :** પીવામાં કે ન્હાવા ધોવામાં અમુક કિલો યા ડોલ વિગેરેના માપથી ધારવું આથી હોજ, નદી કે છૂટા નળનો તેમજ ફુવારા વિ.નો ઉપયોગ નહિ કરતા


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

બીજા વાસણ આદિમાં લઈને વાપરવું બરફ ઠંડાપીણા વિ. પણ આમાં આવે.

૧૭. **અગ્નિકાય :** ગેસ, ચૂલા, સગડી, દીપક, કપડાની ઇસ્ત્રી, લાઈટ, પંખા વગેરેની તમામ સ્વીચો વિ. દિવસ દરમ્યાન કે રાત્રિ દરમ્યાન પોતે કરે તેમજ ચાલતા લાઈટ વિ.નો ઉપયોગ કર્યો હોય તે ગણાય. આ બધું સંખ્યાથી ધારવું. બધુ જુદુ જુદું અશક્ય લાગે તો એક ઘરનો એક ચુલો એમ ધારવો.

૧૮. **વાયુકાય :** પંખા સાદા પંખા હીંડોળા વિ. સંખ્યાથી ધારવા.

૧૯. **વનસ્પતિકાય :** આમાં સચિત્ત, અચિત્ત બંને ગણાય. લીલા, સુકા, શાક, ફળ, જયુસ, ભાજી વિગેરેનો નિયમ વજનથી ધારવો. લઈ જવા લાવવાની જયણા રાખવી.

૨૦. **ત્રસકાય :** નિરપરાધી ત્રસ જીવોને જાણી-જોઈને, મારવાની બુદ્ધિથી નહિ મારવા તે પ્રમાણે ધારવું.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૨૧. અસિ : તલવાર વિગેર શસ્ત્રો ટેકનીકલ મશીનો, વોશિંગ મશીન, જયુસર મીક્ષ્ચર ખાંડણી પરાળ, સૂડી, ચપ્પુ કાતર બ્લેડ સાવરણી અસ્ત્રો, સાબેલું ઘરઘંટી છીણી સોય વિગેરે સંખ્યાથી ધારવા.

૨૨. મસિ : કલમ બોલપેન પેન્સિલ દરેક પ્રકારની પેનો રબ્બર સંચો વિ. સંખ્યાથી ધારવા એકની એક પેન વારંવાર વાપરવામાં આવે તો એક જ ગણાય.

૨૩. કૃષિ : હળ, કોશ કોદાળી, પાવડા વિ. સંખ્યાથી ધારવા.

આ ચૌદ નિયમ ઉપરાંત કાયમ મુઠ્ઠસીના પચ્ચકખાણ રાખવાથી પણ ઘણો લાભ મળે છે. પચ્ચકખાણ એવી રીતે થાય કે જયારે કાંઈપણ આહાર કે પાણી વાપરી રહીએ કે તરત મુઠી વાળી નવકાર ગણી મુઠ્ઠસીનુ પચ્ચકખાણ ધારી લેવું. પછી જયારે મોઢામાં કાંઈ નાંખવું હોય ત્યારે મુઠી વાળી નવકાર ગણી પછી મોંઢામાં નાંખવું.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ચૌદ નિયમના અભ્યાસ માટેનો કોઠો

| ૧ | | | ધારણા |
|---|---|---|---|
| ૧ | સચિત્ત | કાચાશાકભાજી, ફળ કાચુમીઠુ પાણી વિ. | |
| ૨. | દ્રવ્ય | ખાવા-પીવાની દરેક ચીજો | |
| ૩ | વિગઈ | દૂધ, દહી ઘી, તેલ, ગોળ, તળેલુ. | |
| ૪ | વાણહ | બુટ-ચંપલ-મોજડી મોજા વિ. | |
| ૫ | તંબોલ | સોપારી, એલચી, મુખવાસ વિ. | |
| ૬ | વત્થ | પહેરવા, ઓઢવાના કપડાં વિ. | |
| ૭ | કુસુમ | તેલ, અત્તર, ફુલ વિ. | |
| ૮ | વાહન | ગાડી, સ્કુટર, પ્લેન, બસ વિ. | |
| ૯ | શયન | પલંગ, ખુરસી, સેટી, ગાદી વિ. | |
| ૧૦ | વિલેપન | શરીરે ચોળવાની તમામ ચીજો | |
| ૧૧ | બ્રહ્મચર્ય | દિવસ-રાત સંબંધી યા સંપૂર્ણ | |
| ૧૨ | દિશા | ચારે દિશા અને વિદિશાના કિલોમીટર | |
| ૧૩ | સ્નાન | દિવસમાં બેથી વધારે નહિ | |
| ૧૪ | ભાતપાણી | દિવસમાં ખાવા પીવાની વસ્તુનું વજન | |



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

દિવસ દરમ્યાન　　　　રાત્રિ દરમ્યાન

| ઉપયોગ | લાભમાં | ધારણા | ઉપયોગ | લાભમાં |
| --- | --- | --- | --- | --- |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# નિયમના અભ્યાસ માટેની કોઠો

| ક્રમ | નિયમ : | | ધારણા |
|---|---|---|---|
| ૧ | પૃથ્વી | ખાવામાં કે બાહ્ય ઉપયોગમાં આવતી સચિત્ત પૃથ્વીનો વજનથી | |
| ૨. | પાણી | અમુકકીલો કે ડોલના માપથી | |
| ૩ | અગ્નિ | ચૂલા, ગેસ, ઈસ્ત્રી વિ. સંખ્યાથી | |
| ૪ | વાયુ | પંખા, હીંચકા A.C. વિ. સંખ્યાથી | |
| ૫ | વનસ્પતિ | સચિત્ત, અચિત્ત ફળ, શાક વજનથી | |
| ૬ | અસિ | ચપ્પુ, સોય, કાતર, સંખ્યાથી Technical Instruments | |
| ૭ | મસિ | કલમ, બોલપેન, રબ્બર વિ. સંખ્યાથી | |
| ૮ | કૃષિ | હળ, કોશ, કોદાળી વિ. સંખ્યાથી | |
| ૯ | ત્રસની દયા ધારીલેવી | નિરપરાધિ ત્રસજીવોને જાણી જોઈને મારીશ નહિ. | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

**દિવસ દરમ્યાન** **રાત્રિ દરમ્યાન**

| ઉપયોગ | લાભમાં | ધારણા | ઉપયોગ | લાભમાં |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# શ્રાવકના સમ્યક્ત્વ મૂલ બારવ્રતો

**સમ્યક્ત્વ :** સુદેવ, સુગુરુ સુધર્મમાં જ અનન્ય શ્રદ્ધા તેનું નામ સમ્યક્ત્વ કહેવાય છે. તેથી વિપરિતમાં શ્રદ્ધા તેનું નામ મિથ્યાત્ત્વ...

આ સમજીને મિથ્યાત્વનો ત્યાગ કરો અને સમ્યક્ત્વ અંગીકાર કરો.

ધર્મબુદ્ધિથી બીજા દેવ, ગુરૂ ધર્મને ન માનું

(પાંચ અણુવ્રતો)

## પ્રથમ સ્થુલ પ્રણાતિપાત વિરમણ વ્રત

નિરપરાધિ ત્રસ જીવને જાણી જોઈને મારવાની બુદ્ધિથી નિરપેક્ષપણે મારવો નહિ.

– કોઈપણ જીવને ક્રુરતાથી મારવો બાંધવો નહિ..

## બીજુ સ્થુલ મૃષાવાદ વિરમણ વ્રત

– કોઈનો જીવ બચાવવાના હેતુ સિવાય દુષ્ટ વિવક્ષાથી



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
પેટમાં પાપ રાખીને પાંચ મોટા જુઠા બોલવા નહિ.
(૧) કન્યાસંબંધી (૨) ગાય-પશુ વિ. સંબંધી (૩) ભૂમિ સંબંધી (૪) થાપણ સંબંધી (૫) ખોટી સાક્ષી

- ક્રોધ, લોભ, ભય,હાસ્યથી પણ જુઠું ન બોલાય તેનુ લક્ષ રાખવું.
- કોઈના પર ખોટો આરોપ મૂકવો આ અતિચારો ન લાગે તેની કાળજી રાખવી
- કોઈની ગુપ્તવાત જાહેર કરવી ચાડી ખાવી.
- વિશ્વાસઘાત કરવો
- ધર્મના નામે ખોટો ઉપદેશ આપવો.
- ખોટા દસ્તાવેજ લખવા

## ત્રીજુ સ્થુલ અદત્તાદાન વિરમણ વ્રત

પારકી વસ્તુ ધણીને (માલિકને) પૂછ્યા વિના લેવી નહિ લોકનિંદા કરે તેવી ચોરી કરવી નહિ જેમકે : ખાતર પાડવું, ખીસ્સુ કાપવું, તાળુ તોડવું, લુંટ કરવી, કોઈની પડી ગયેલી ચીજ લેવી, દાણ આદિની ચોરી વિગેરે કરવી નહિ.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurisvarji Jain Tatvagyanshala

– તેમાં ચોરે લાવેલી વસ્તુ ઓછી કિમતે કે મફત લેવી.
– ચોરને ભોજન વિ. આપીને મદદ કરવી.
– વસ્તુમાં ભેળસેળ કરવી અથવા એકના બદલે બીજી વસ્તુ આપવી.
– જકાત આપ્યા સિવાય ચોરી છૂપીથી માલ લાવવો તે.
– આપવા લેવાના માપ તોલ ઓછાવત્તા રાખવા તે.

(આ અતિચારો ન લાગે તેનો ઉપયોગ રાખવો.

## ચતુર્થ સ્થુલ બ્રહ્મચર્ય, સ્વદારા સંતોષ અને પરસ્ત્રી વિરમણ વ્રત

કાયાથી સ્ત્રી પુરૂષે પરસ્પર સમાગમ ન કરવો અથવા પોતાની પરણેલી સ્ત્રીમાં સંતોષ રાખવો. અન્ય સ્ત્રીઓ તથા દેવ નારક તિર્યંચ સાથેના વિષયનો સર્વથા ત્યાગ કરવો.

– વિધવા, કુમારીકા સાથે વિષય સેવન કરવું.
– કોઈએ અમુક સમય રખાત રાખેલી વેશ્યા વિ.ને સેવવી.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

– પરસ્ત્રી સાથે આલિંગનાદિ કામ ચેષ્ટાઓ કરવી સૃષ્ટિ વિરુદ્ધ કર્મ, હસ્તકર્મ વિ. કરવું તે.
– પારકા છોકરા, છોકરીના વિવાહ કરાવવા,
– વારંવાર વિષય સેવન કરવું.

(આ અતિચારો ટાળવા તેમજ બ્રહ્મચર્યની નવવાડોનું પાલન કરવું)

## પાંચમું સ્થુલ પરિગ્રહ પરિમાણ વ્રત

રોકડ, અનાજ, ખેતર, મકાન, સોનું, રૂપું, રાચરચીલું, નોકર ચાકર, ગાડી વિ. આ નવ પ્રકારના પરિગ્રહનું જુદુ જુદું પ્રમાણ નિયત કરવું, અથવા સાથે અમુક રકમનું ધારવું.

– ધન વિ. પોતાના પુત્ર આદિના નામે ચડાવી, ધારેલા પ્રમાણનું ઉલ્લંઘન કરવું.
– જગ્યા (પ્લોટ) મકાન વિ. ભેગાકરી સંખ્યા સાચવી રાખવી.
– સોનુ વિ પત્ની વિ.ને આપીને અથવા નાનું મોટું


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કરી પ્રમાણનુ ઉલ્લંઘન કરવુ (આ અતિચારો ન લાગે તે ખ્યાલમાં લેવું)

(ત્રણ ગુણ વ્રતો)

## છઠ્ઠુ દિશિ પરિમાણ વ્રત

ચાર દિશા-ચાર વિદિશા (ખૂણા) ઉર્ધ્વ અને અધોદિશા મળી દશેદિશામાં જવા આવવાનો નિયમં કરવો.

– અનાભોગપણે ઉંચી નીચી સીધી દિશામાં વધારે જવું.

– એક દિશાના ગાઉ બીજી દિશામાં નાખી સ્વેચ્છાએ પ્રમાણ વધારવું તે.

– રાખેલું પ્રમાણ ભૂલી જવું સંદેહ થવા છતા આગળ જવું તે.

(આ અતિચારો ન લાગે તે ધ્યાનમાં લેવું)

## સાતમું ભોગોપભોગ વિરમણ વ્રત

આ વ્રત ભોજનથી તથા કર્મથી (ધંધાથી) બે પ્રકારે



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ભોગવાય છે જેમાં એકવાર ભોગવાય તે ભોગ દા.ત. ભોજન વિ. એકની એક વસ્તુ વારંવાર ભોગવાય તે ઉપભોગ. દા.ત. વસ્ત્ર પલંગ ઘર વિ. બાવીસ અભક્ષ્ય બત્રીસ અનંત કાયનો ત્યાગ ફરી ભોગોપભોગમાં સંક્ષેપ કરવો.

### આમાં (૧૪) ચૌદ નિયમ ધારવા

જે આ પુસ્તિકામાં આગળ આપવામાં આવેલ છે વળી પંદર કર્માદાનો જે અતિપાપ વ્યાપારો છે તે પણ શ્રાવકે ન સેવવા.

રેલ્વે, મીલો, કારખાનાઓ, મેડીકલ વિ.ના શેરો લેવાથી તેમજ યુદ્ધની લોનો વિ. થી પણ ભયંકર કર્માદાનો લાગે છે.

## આઠમું અનર્થદંડ વિરમણ વ્રત

સ્વ શરીર અને કુટુંબાદિ પ્રયોજનથી જે પાપ કરાય તે અર્થદંડ છે. આ સિવાય ખોટા વિચારો વાચાલપણું,


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
અયોગ્ય દાક્ષિણ્યતા અને કુતુહલ વિ. પ્રમાદથી જે પાપ કરાય તે અનર્થદંડ છે આવા અનર્થદંડોથી બચવા માટે ખરાબવિચારો ન કરવા પાપોપદેશ ન આપવા શસ્ત્ર, અગ્નિ, હિંસક, સાધનો કોઈને આપવા નહિ. ઘી, તેલ, વિ.ના વાસણો ખૂલ્લા ન રાખવા વિકથાઓ ન કરવી T.V. વીડીયો, સરકસ, નાટક વિ. ન જોવા તમાસા ન જોવા જુગાર વિ. ન રમવા આવા પ્રમાદ આચરણો કરવા નહિ, સાતે દુર્વ્યસનોનો ત્યાગ કરવો.

આ વ્રતમાં લાગતા અતિચારો પક્ખી અતિચારમાંથી જાણવા.

(ચાર શિક્ષા વ્રતો)

## નવમું સામાયિક વ્રત

રોજ મહિનામાં કે, વરસમાં અમુક સામાયિક કરવાં, દિવસમાં જેટલા વધુ સામાયિક થાય તેટલા કરવાના અને તેમાં બત્રીશ (૩૨) દોષ રહિત કરવાનો ખાસ ધ્યેય રાખવો તેમજ સમભાવમાં રહેવાનુ પૂર્ણ લક્ષ્ય રાખવું..


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurisworji Jain Tatvagyanshala

## દશમું દેશાવગાસિક વ્રત

જીવનમાં ગ્રહણ કરેલા નિયમોનો અમુક ટાઈમને ઉદ્દેશીને સંક્ષેપ કરવો એટલે ચૌદ નિયમો ધારવા અને સંક્ષેપવા તેને દેશાવગાસિક કહેવાય છે.

(૨) ગૃહ વ્યાપાર આરંભ સમારંભ છોડીને એકાસણું, આયંબિલ ઉપવાસાદિ તપપૂર્વક દિવસમાં આઠ સામાયિક અને સવારસાંજ બે પ્રતિક્રમણ કરવારૂપ આ નિયમ ધારણ કરાય છે.

મહિનામાં-વરસમાં અમુક દેશાવગાસિક વ્રત કરવા

## અગીયારમું પૌષધોપવાસ વ્રત

મહિનામાં વરસમાં અમુક પૌષધ કરવા ચારિત્રના ઉત્તમ અભ્યાસરૂપ આ પૌષધ છે.

## બારમું અતિથિ સંવિભાગ વ્રત

મુખ્ય રીતે પૌષધ કરી ચોવિહારો ઉપવાસ કરીને પારણે એકસણું કરી, જિનપૂજનાદિ. કરીને પૂજ્ય ગુરૂ


www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
મહારાજ તેમ ન હોય તો વ્રતધારી શ્રાવક કે શ્રાવિકાને નિમંત્રી જેટલી ચીજો તેઓ ગ્રહણ કરે તેટલી જ ચીજો વાપરવી તેને અતિથિ સંવિભાગ વ્રત કહે છે.

અતિથિ એટલે સાધુ મહાત્માને આહાર વસ્ત્ર પાત્ર ઔષધ પુસ્તક વસતિ વિગેરે રત્નત્રયીને ઉપકારક સર્વવસ્તુનું દાન આપવું તે શ્રાવકનું પરમ કર્તવ્ય છે.

આ પ્રમાણે વ્રતમાં રહેલા શ્રાવકે ભક્તિ પૂર્વક સાતે ક્ષેત્રમાં અને અનુકંપાથી અતિ દીનદુઃખીઓમાં પણ પોતાના ધનને વાપરવું જોઈએ.

દરેક ગૃહસ્થે પોતાના જીવનને ઉજવળ બનાવવા આ ઉપર મુજબ શ્રદ્ધાપૂર્વક વ્રતો ગ્રહણ કરવા-પાલન કરવા શાસનના સાચા પ્રેમી બનવું, જૈનભાઈ-બહેનોને સહાય કરવી વાત્સલ્ય કરવું જૈન ધર્મનું પૂર્ણપણે રક્ષણ કરવું.

આ ઉપરોક્ત વ્રતોમાં અતિચારો ન લાગે તેની કાળજી રાખવી..

ઇતિ શ્રી બારવ્રતની સંક્ષિપ્ત સમજ


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## અમદાવાદ મધ્યે છેલ્લાં ૪૮ વર્ષથી

### સાધ્વીજી મહારાજ એવં મુમુક્ષુ બહેનોને

### જૈન શાસ્ત્ર-તત્ત્વજ્ઞાનનો

તેમજ સંસ્કૃત પ્રાકૃત - ન્યાય આદિ વિષયોનું અધ્યયન - અધ્યાપન કરાવતી સંસ્થાની એકવાર અવશ્ય મુલાકાત લો...

ત્યાં વિશાળ - સમૃદ્ધ - જ્ઞાનભંડાર હસ્તપ્રતો - તાડપત્ર આદિ વિપુલ પ્રમાણમાં છે બે શાખાઓ (૧) ઝવેરીપાર્ક (૨) સાબરમતી મધ્યે પણ આવી જ્ઞાનપરબ ચાલુ છે.

**પધારો - દર્શનાર્થે**

**જ્ઞાનજ્યોત પ્રગટાવો**

**સંપર્ક**

**આચાર્ય સુરેન્દ્રસૂરિ જૈન તત્વજ્ઞાનશાખા**

**પટણીની ખડકી, ઝવેરીવાડ, અમદાવાદ-૧**

www.jaintatvagyanshala.org

Printed by : Navneet Printers • Ph : 5625326 Pag. 9632-442234